# અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફૉરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ (FOREST/201819/1)

જાહેરાત ક્રમાંકઃ FOREST/201819/1 વનરક્ષક, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીની ૩૩૪ જગ્યાઓ અનુસંધાને જે તે જીલ્લામાં નિમણુંકને લાયક ઉમેદવારોની જીલ્લાવાર પસંદગીયાદી આ કચેરીની તા.૧૮-૦૬-૨૦૨૨ ની જાહેર નોટિસથી તથા પ્રતિક્ષાયાદી આ કચેરીની તા.૦૭-૦૭-૨૦૨૨ ની જાહેર નોટિસથી પ્રસિધ્ધ થયેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક -પી.એસ.સી./૧૦૮૯/૩૯૧૦ ગ-૨ તા.૨૭-૦૭-૨૦૧૮ મુજબ નિમણૂંક આપેલ વનરક્ષકો પૈકી નિયત સમયમાં રાજીનામુ/અવસાન/ફરજમુક્તિ/અન્ય કારણોસર નોકરી છોડી ગયેલ ઉમેદવારની ખાલી પડેલ જગ્યા જે તે કેટેગરીના પ્રતિક્ષાયાદીના ઉમેદવારોથી ભરવાની થાય છે.

વનરક્ષક, વર્ગ-૩ સંવર્ગના ઉમેદવારને નિમણૂંક આપવા માટે ભરતી નિયમો અનુસાર ઉમેદવારએ નિયત સમય અને મળવાપાત્ર તકમાં વોકીંગ ટેસ્ટ પાસ કરવો જરૂરી છે.

જેથી વનરક્ષક, વર્ગ-૩ ની ખાલી પડેલ જગ્યા ભરવા અંગે આ સાથે સામેલ એનેક્ષર-૧ મુજબના પ્રતિક્ષાયાદીના ઉમેદવારોને નીચે પ્રમાણે યોજાનાર વોકીંગ ટેસ્ટમાં બિનચુક હાજર રહી, ભાગ લેવા જણાવવામાં આવે છે.

| વોકીંગ ટેસ્ટ માટેની તારીખ અને સમય | વોકીંગ ટેસ્ટ માટે હાજર રહેવાનું સ્થળ |
|---|---|
| **તા. ૨૩/૦૬/૨૦૨૩, સવારે ૫.૦૦ કલાકે**<br>**(જો તા.૨૩/૦૬/૨૦૨૩નાં રોજ વરસાદ/અન્ય કારણોસર વોકીંગ ટેસ્ટ ના યોજાઇ શકે તો આ જ વોકીંગ ટેસ્ટ તા.૨૪/૦૬/૨૦૨૩નાં રોજ સવારે ૫:૦૦ કલાકે આ જ સ્થળ ખાતે યોજવામાં આવશે)** | **નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર.**<br>**(ઘ-૪ સર્કલ, સેક્ટર-૧૭ નર્સરી, ટાઉન હોલની પાછળ, ગાંધીનગર)** |

(૧) વનરક્ષક, વર્ગ-૩ ના ભરતી નિયમો અનુસાર નિમણૂંકપાત્ર ઉમેદવારોએ આ વોકીંગ ટેસ્ટ પાસ કરવાનો થતો હોવાથી એનેક્ષર-૧ મુજબના દરેક ઉમેદવારોએ આ વોકીંગ ટેસ્ટમાં અચુક ભાગ લેવા અને ઉપર પત્રકમાં જણાવેલ નિયત સ્થળ, સમય અને તારીખે હાજર રહેવા જણાવવામાં આવે છે.

(૨) વનરક્ષક, વર્ગ-૩ ના ભરતી નિયમોના પેરા-૬ અનુસાર પુરુષ ઉમેદવારએ ૨૫ (પચીસ) કિલોમીટર અંતર ૪ (ચાર) કલાકમાં પુરુ કરવાનુ રહેશે અને મહિલા ઉમેદવારોએ ૧૪ (ચૌદ) કિલોમીટર અંતર ૪ (ચાર) કલાકમાં પુરુ કરવાનુ રહેશે.

(૩) વનરક્ષક, વર્ગ-૩ ના ભરતી નિયમોના પેરા-૬ ના પરંતુક અનુસાર પ્રથમ વોકીંગ ટેસ્ટમાં ગેરહાજર/વોકીંગ ટેસ્ટ પાસ ના કરનાર ઉમેદવારને વોકીંગ ટેસ્ટ પાસ કરવા માટે બીજી અને આખરી તક આપવામાં આવશે. જે બીજી અને આખરી વોકીંગ ટેસ્ટમાં ગેરહાજર /નાપાસ ઉમેદવારને કોઇપણ સંજોગોમાં વધુ તક આપવામાં આવશે નહિ

(૪) વનરક્ષક, વર્ગ-૩ ના ભરતી નિયમો અનુસાર સદરહુ વોકીંગ ટેસ્ટએ ભરતી પ્રક્રિયાનો જ એક ભાગ હોઇ કોઇપણ ઉમેદવારએ તેઓને નિમણૂંક મળી ગયેલ છે તેમ માની લેવાનુ રહેશે નહિ.

(૫) દરેક ઉમેદવારએ શારીરિક ક્ષમતા કસોટી સમયે મેળવેલ કોલ લેટર અને સરકારશ્રી માન્ય પાનકાર્ડ, આધારકાર્ડ, મતદાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ વિગેરે પૈકી કોઈપણ એક ફોટાવાળું ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે.

(૬) વોકીંગ ટેસ્ટના સ્થળે ઉમેદવારના કોઇ સગાં- સબંધી-અન્ય વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવશે નહિ.

(૭) વોકીંગ ટેસ્ટમાં ઉમેદવારએ કોઇપણ પ્રકારના માદક / કેફી પદાર્થનુ સેવન કરવુ નહિ. આવા માદક / કેફી પદાર્થનુ સેવન કરેલ કોઇપણ ઉમેદવારને વોકીંગ ટેસ્ટના સ્થળે પ્રવેશ આપવામાં આવશે નહિ.

(૮) વોકીંગ ટેસ્ટ માટે દરેક ઉમેદવારએ સ્વ -ખર્ચે ઉપસ્થિત થવાનુ રહેશે.

(૯) વોકીંગ ટેસ્ટમાં ઉમેદવાર લાકડી/અન્ય સાધનો ઉપયોગ કરી શકશે નહિ.

(૧૦) દરેક ઉમેદવારએ વોકીંગ ટેસ્ટમાં પોતાના જોખમે ભાગ લેવાનો રહેશે. વોકીંગ ટેસ્ટ દરમિયાન ઉમેદવારને થયેલ ઇજા / અકસ્માત /અન્ય કોઇ નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓની અંગત જવાબદારી રહેશે.

(૧૧) વારંવાર વોકીંગ ટેસ્ટ લેવા શક્ય ના હોય ખાલી પડેલ ૧ (એક) જગ્યા સામે શક્યતા અનુસાર ૪ (ચાર) ગણા ઉમેદવારો ધ્યાને લઇ એનેક્ષર –૧ મુજબના ઉમેદવારોને વોકીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવેલ છે. જે ધ્યાને લેવુ અને હવે પ્રતિક્ષાયાદીના જે ઉમેદવારો બાકી રહેલ છે તેઓને જો પ્રતિક્ષાયાદી ફરીથી ઓપરેટ કરવાની થશે તો અલગથી બોલાવવામાં આવશે.

(૧૨) વોકીંગ ટેસ્ટમાં એનેક્ષર–૧ મુજબના ઉમેદવારોએ વોકીંગ ટેસ્ટ પાસ કર્યા બાદ પ્રતિક્ષાયાદીમાં આવતા મેરિટ મુજબના ઉમેદવારોને જીલ્લા/કેટેગરીની ખાલી પડેલ જગ્યા મુજબની જગ્યા સામે જે તે જીલ્લા/કેટેગરીથી પ્રતિક્ષાયાદીમાં આવતા ઉમેદવારોથી જ ભરવાની થશે.

(૧૩) એનેક્ષર –૧ ના SC / ST કેટેગરીના ઉમેદવારએ જાતિ પ્રમાણપત્ર સંબધિત કચેરી મારફતે વેરીફાય કરાવવાના થતા હોય તે અંગેના જરૂરી પુરાવાઓ સાથે વોકીંગ ટેસ્ટમાં ઉપસ્થિત રહેવુ જેથી વોકીંગ ટેસ્ટ પૂર્ણ કર્યા બાદ તેઓ સંબધિત કચેરીઓ ખાતે આ કાગળો જમા કરાવી શકે અને સમયની બચત થઇ શકશે.

(૧૪) એનેક્ષર –૧ ના SEBC કેટેગરીના ઉમેદવારોએ જાતિ અને નોન ક્રિમિલેયર પ્રમાણપત્રો સંબધિત કચેરી મારફતે વેરીફાય કરાવવાના થતા હોય સામેલ નમુનામાં માહિતી ભરી, તે અંગેના પુરાવા સાથે વોકીંગ ટેસ્ટમાં ઉપસ્થિત રહેવુ. વોકીંગ ટેસ્ટ પૂર્ણ કર્યા બાદ અરણ્યભવન, ખાતે આ કાગળો જમા કરાવવાના રહેશે.

(૧૫) એનેક્ષર –૧ દરેક કેટેગરીના ઉમેદવારએ ઓનલાઇન ઓજસ પોર્ટલ મારફતે કરેલ અરજીમાં ભરેલ માહિતીની ખરાઇ માટેના શૈક્ષણિક લાયકાત, ઉંમરનો પુરાવો/શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર, રમતગમતના પુરાવા– એન.સી.સી. પ્રમાણપત્ર, કોમ્પ્યુટર બેઝીક નોલેજ અંગેના પ્રમાણપત્ર, જાતિ / નોન ક્રિમિલેયર / આર્થિક નબળાં વર્ગના પ્રમાણપત્ર તથા અન્ય જરૂરી જણાય તેવા તમામ અસલ પ્રમાણપત્રો– ગુણપત્રકો અને તેની એક સ્વ પ્રમાણિત ઝેરોક્ષ નકલના સેટ સાથે હાજર રહેવાનુ રહેશે તથા વોકીંગ ટેસ્ટના સ્થળેથી આપવામાં આવનાર સુચના મુજબ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે.

(૧૬) વોકીંગ ટેસ્ટમાં ઉપસ્થિત રહેનાર દરેક ઉમેદવારોએ ઉપર જણાવેલ સુચનાઓએ ઉપર જણાવેલ તમામ સુચનાઓની નોંધ લેવી અને આ બાબતે વધુ જાણકારી/પુછપરછ માટે હેલ્પલાઇન નં.૧૯૨૬ ઉપર સંપર્ક કરવો તથા અન્ય જરૂરી સુચનાઓ માટે વન વિભાગની વેબસાઇટ વેબસાઇટ **https://forests.gujarat.gov.in** તથા **https://ojas.gujarat.gov.in** અવાર નવાર જોતાં રહેવા વિનંતી છે.

**એનેક્ષર –૧ (વોકીંગ ટેસ્ટમાં બોલાવેલ ઉમેદવારોની યાદી)**

| ક્રમ | પસંદગીના જિલ્લાનુ નામ | પ્રતિક્ષાયાદી ઉપરના ઉમેદવારનુ નામ | પુરુષ/મહિલા | કેટેગરી |
|---|---|---|---|---|
| 1 | Amreli | Ms.Devyani Kanaiyalal Dhandhala | F | EWS |
| 2 | Amreli | Mr.Ranubhai Najabhai Chandu | M | SEBC |
| 3 | Amreli | Mr.Hasmukh Bhimbhai Khasiya | M | SEBC |
| 4 | Amreli | Ms.Muktaben Kamleshbhai Pamar | F | SEBC |
| 5 | BK(Palanpur) | Ms.Alkaben Jorabhai Chaudhary | F | SEBC |
| 6 | BK(Palanpur) | Ms. Dipikaben Raghajibhai Chaudhary | F | SEBC |
| 7 | BK(Palanpur) | Mr.Hiteshkumar Faljibhai Chaudhary | M | SEBC |
| 8 | BK(Palanpur) | Ms.Pavanben Hirabhai Chaudhary | F | SEBC |
| 9 | Chhotaudepur | Mr.Dharampal Lalitkumar Sodha | M | SEBC |
| 10 | Chhotaudepur | Mr.Nikulkumar Chelabhai Chaudhary | M | SEBC |
| 11 | Chhotaudepur | Mr. Jitendra Devabhai Nandaniya | M | SEBC |
| 12 | Chhotaudepur | Mr.Indrajitsinh Surendrasinh Rathod | M | EWS |
| 13 | Chhotaudepur | Mrs.Meghaben Dahyalal Patel | F | EWS |
| 14 | Chhotaudepur | Ms.Ramilaben Dhirabhai Makvana | F | SEBC |
| 15 | Chhotaudepur | Ms. Saloni Virsangbhai Chaudhary | F | SEBC |